GJAH15000
0152024

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| કેસ મળ્યા ની તારીખ | ૦૩–૦૧–૨૦૨૪ | | |
| કેસ દાખલ તારીખ | ૦૩–૦૧–૨૦૨૪ | | |
| કેસ ફેસલ તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૨ | ૨૨ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179–A અન્વયેના નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તારીખ– ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

**<u>FORM–A</u>**

---

**દેત્રોજના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., સાહેબની કોર્ટમાં, દેત્રોજ**

---

**શ્રી એચ.એસ.રાઠોડ, પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., દેત્રોજ**

---

**(ચુકાદા તારીખ– ૨૫–૦૩–૨૦૨૬)**

**<u>ક્રિમીનલ કેસ નં.૦૭–૨૦૨૪</u>**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેત્રોજ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | ઉપર મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | **શ્રી આઈ.એ.સૈયદ** |
| આરોપી/આરોપીઓ | **(૧) મેઘરાજસિંહ ઉર્ફે મેઘુભા રંગીતસિંહ સોલંકી**<br>**(૨)કસુભા રંગીતસિંહ સોલંકી**<br>**(3)ઝલુબા કસુભા સોલંકી** |

| | |
|---|---|
| | તમામરહે.અબાસણ,તા–દેત્રોજ,જી. અમદાવાદ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | જે.ડી.સોલંકી |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૯–૧૧–૨૦૨૩ |
| ફરીયાદની તારીખ | ૧૯–૧૧–૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૩–૦૧–૨૦૨૪ |
| તહોમત/પ્લી ફરમાવ્યા તારીખ | ૨૮–૦૫–૨૦૨૪ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૨૭–૦૬–૨૦૨૪ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદા તારીખ | **૨૫–૦૩–૨૦૨૬** |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપી ઓ ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| **આરોપ ી નંબર** | **આરોપી નુ નામ** | **ઘર પકડ ની તારીખ** | **જામીન મુકિત ની તારીખ** | **ક્યાં ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવા માં આવ્યા છે કે કસુરવ ાર?** | **કરવા માં આવેલ સજા** | **ક્રિ.પ્રો.કો. કલમઃ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે.** |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **મેઘરાજ સિંહ ઉર્ફે મેઘુભા રંગીત સિંહ સોલંકી** | ૧૯. ૧૧. ૨૦૨ ૩ | ૨૦. ૧૧. ૨૦૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. | **આરોપીઓ ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવા** | **–** | **–** |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | એકટ ની કલમ–૧૩૫ મુજબ | **માં આવેલ છે.** | | |
| **૨** | **કસુભા રંગીત સિંહ સોલંકી** | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. | – | – |
| **૩** | **ઝલુબા કસુભા સોલંકી** | ૨૦.૧૧.૨૦૨૩ | ઉપર મુજબ. | ઉપર મુજબ. | ઉપર મુજબ. | – | – |

**FORM–C**

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

(એ) **ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવા**

| **અનુ.નં.** | **વિગત** | | **આંક** |
|---|---|---|---|
| **૧** | કનકસિંહ વિક્રમસિંહ સોલંકીની જુબાની | ફરિયાદી | ૧૦ |
| **૨** | મીનાબા કનકસિંહ સોલંકીની જુબાની | સાહેદ | ૧૩ |
| **૩** | વિક્રમસિંહ રામભા સોલંકીની જુબાની | સાહેદ | ૧૬ |
| **૪** | લીલાબા ભગવતસિંહ સોલંકીની જુબાની | સાહેદ | ૧૮ |
| **૫** | મદારસંગ રામભા સોલંકીની જુબાની | સાહેદ | ૧૯ |
| **૬** | કિશનસિંહ મહેન્દ્રસિંહ સોલંકીની જુબાની | પંચ સાહેદ | ૨૧ |
| **૭** | જયદિપસિંહ મદારસંગ સોલંકીની જુબાની | પંચ સાહેદ | ૨૩ |
| **૮** | બબુભા ચેલસંગ સોલંકીની જુબાની | પંચ સાહેદ | ૨૫ |
| **૯** | જયસિંહ વનરાજસિંહ સોલંકીની જુબાની | પંચ સાહેદ | ૨૭ |
| **૧૦** | હેતલબેન ઈશ્વરભાઈ રાવતની જુબાની | ત.ક.અ. | ૨૮ |

(બી) **બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| **અનુ.નં.** | | **આંક** |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>ફરીયાદપક્ષ તરફ આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઃ–</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૧ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૨ |
| ૩ | મુદામાલ રીકવરી તથા શરીરસ્થિતિનું પંચનામું | ૨૬ |
| ૪ | સુચીપત્ર | ૨૯ |
| ૫ | જાહેરનામુ | ૩૧ |

**<u>બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અનુ.નં. | વિગત |
|---|---|
| ૧ | મુ.પા.નં.૪૯૬/૨૦૨૩, તા.૧૯–૧૧–૨૦૨૩ માં જણાવ્યાં મુજબ. |

**<u>–:: ચુકાદો::–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા.૧૯–૧૧–૨૦૨૩ ના સવારના આશરે ૦૭ઃ૦૦ વાગ્યાના સુમારે મોજે અબાસણા ગામે ફરીયાદીના ઘરની બહાર આ કામના આરોપી નં.૧ થી ૩ નાઓ આવેલ જેમાં આરોપી નં.૧ ના હાથમાં ધારીયુ તથા આરોપી નં.૨ ના હાથમાં લાકડી હતી જેમાં આરોપી નં.૧ નાઓએ ફરિયાદીને કહેલ કે તારો ભાઈ મારી પત્નીને અવાર–નવાર હેરાન કરે છે. આજે તો તેને જીવતો નથી છોડવાનો તેમ કહી ફરિયાદીને ગાળો બોલી તથા આરોપી નં.૧ નું ઉપરામણ લઈ આરોપી નં.૨ તથા ૩ નાઓએ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો

બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી અધિક જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી, ભારતીય દંડ સંહિતાની કલમ:૫૦૪,૫૦૬ (૨),૧૧૪ તથા જી. પી.એકટ–૧૩૫ મુજબની ફરિયાદ નોંધવામાં આવેલ.

(૨) ફરિયાદીની ફરિયાદના આધારે દેત્રોજ પોલીસ સ્ટેશનના ફ઼ગુ,રુજી, નં. ૧૧૧૯૨૦૧૭૨૩૦૪૯૬/૨૦૨૩ થી તારીખ:૧૯–૧૧–૨૦૨૩ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ: ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ–૧૩૫ મુજબનો ગુનો દાખલ કરેલો. ત્યારબાદ તપાસમાં આરોપી ઓ મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતા પોલીસે સી.આર.પી.સી.ની કલમ : ૧૭૩ મુજબ આરોપીઓ વિરુધ્ધ ભારતીયદંડ સંહિતાની કલમ: ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ–૧૩૫ મુજબના ગુનાના તહોમતનુ ચાર્જશીટ અત્રેની અદાલત માં રજૂ કરેલ.

(૩) આ કામે આરોપીઓને સમન્સની બજવણી થતા તેઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીઓની ભારતીય દંડ સંહિતાની કલમ:૫૦૪,૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એકટ–૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું આંક:૦૬ થી તેમજ પ્લી આંક:૦૭ થી આંક:૦૯ થી નોંધતા આરોપીઓએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે. જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષાની કલમ:૩૫૧ મુજબની જોગવાઇઓ અન્વેય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ પક્ષકારોના વિ. વકીલ શ્રી એ.પી.પી.શ્રી આઈ.એ.સૈયદ નાઓએ દલીલ કરેલ છે કે, આરોપીઓએ તા.૧૯–૧૧–૨૦૨૩ ના સવારના આશરે ૦૭:૦૦ વાગ્યાના સુમારે મોજે અબાસણા ગામે ફરીયાદીના ઘરની બહાર આ કામના આરોપી નં.૧ થી ૩ નાઓ આવેલ જેમાં આરોપી નં.૧ ના હાથમાં ધારીયુ તથા આરોપી નં.૨ ના હાથમાં લાકડી હતી

જેમાં આરોપી નં.૧ નાઓએ ફરિયાદીને કહેલ કે તારો ભાઇ મારી પત્નીને અવાર–નવાર હેરાન કરે છે. આજે તો તેને જીવતો નથી છોડવાનો તેમ કહી ફરિયાદીને ગાળો બોલી તથા આરોપી નં.૧ નું ઉપરામણ લઇ આરોપી નં.૨ તથા ૩ નાઓએ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી અધિક જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કરેલ હોય અને તેમ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ હોય, આરોપીઓને સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી જે.ડી.સોલંકીનાઓને ખુબજ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–<u>:: મુદ્દાઓ ::–</u>

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ તા.૧૯–૧૧–૨૦૨૩ ના સવારના આશરે ૦૭:૦૦ વાગ્યાના સુમારે મોજે અબાસણા ગામે ફરીયાદીના ઘરની બહાર આ કામના આરોપી નં.૧ થી ૩ નાઓ આવેલ જેમાં આરોપી નં.૧ ના હાથમાં ધારીયુ તથા આરોપી નં.૨ ના હાથમાં લાકડી હતી જેમાં આરોપી નં.૧ નાઓએ ફરિયાદીને કહેલ કે તારો ભાઇ મારી પત્નીને અવાર–નવાર હેરાન કરે છે. આજે તો તેને જીવતો નથી છોડવાનો તેમ કહી ફરિયાદીને ગાળો બોલી તથા આરોપી નં.૧ નું ઉપરામણ લઇ આરોપી નં.૨ તથા ૩ નાઓએ ફરિયાદીને જેમફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી અધિક જીલ્લા મેજી. સા. ના જાહેરનામાનો ભંગ કરી,

ભારતીય દંડ સંહિતાની કલમ:૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ –૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

**(૯) મુદ્દા નં. ૧–**

આ કામના આરોપીઓ સામે હાલનો ગુન્હો ફોજદારી કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે. તેમજ ભારતીય પુરાવા ધારા ની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતો નથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકારછે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુધ્ધ નુ અનુમાન કરી શકાય તેમ નથી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' કાલીરામ વિ... સ્ટેટ ઓફ હીમાચલ પ્ર દેશ' (૧૯૭૩)(૨)એસસીસી પા.નં. ૮૦૮ ના ચુકાદામાં જે પાયાના મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરુરી છે. તેમાં તેવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને

આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાનનુ ફરીયાદ પક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે અને જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકાર ના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદ પક્ષ તે સંદર્ભેની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરે ત્યારબાદ આરોપી વિરુધ્ધ નુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનું ધોરણ પ્રબળતાની સંભાવના ના સિધ્ધાંતો મુજબનુ હોય છે.

**(૧૦)** હાલના કેસમાં આરોપીઓ વિરુધ્ધ પીનલ કોડ ની કલમ–૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શીરે રહે છે.

પીનલકોડ ની કલમ–૫૦૪ અન્વયેનો ગુન્હો પુરવાર કરવામાટે નાઆવશ્યક તત્વો નીચે મુજબ ના છે.

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિત નુ અપમાન કર્યુ,

(૨)તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

પીનલકોડ ની કલમ–૫૦૬(૨) અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટે આરોપીઓ દ્વારા ફરીયાદી ને મૃત્યુ નિપજાવવાની ધમકી આપવામાં આવી હોવાની હકીકત પુરવાર થવી જોઈએ.

પીનલકોડની કલમ–૧૧૪ મુજબનુ ગુન્હાહિત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીઓએ સદર ગુન્હાહિત કૃત્ય એકબીજાની મદદગારી કરવાના ઈરાદાથી, મેળાપીપણામાં કર્યુ હોવાની હકીકત પ્રસ્થાપિત થવી જોઈએ.

**<u>(૧૧)પુરાવો :–</u>**

સદર કામે ઉપસ્થિત થયેલ ઉપરોકત મુદ્દાઓના જવાબો માટેના કારણોની ચર્ચા કરીએ તે પહેલા સદર કામે રજુ થયેલ પુરાવો જોઈએ તો, ફરિયાદ પક્ષે સૌપ્રથમ..

**<u>ફરીયાદીનો પુરોવા:–</u>**

**(૧૧.૧)** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી કનકસિંહ વિક્રમસિંહ સોલંકીનાઓને **આંક–૧૦** થી તપાસવામાં આવેલ છે. ફરિયાદીએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,બનાવ તા.૧૯–૧૧–૨૦૨૩ ના રોજ તેઓના ઘર જોડે સવારે સાતેક વાગે બનેલો. બનાવના દિવસે મેઘરાજસિંહ તેમના ઘરેથી ધારીયુ લઈને આવેલા અને તેમના ભાઈ કસુભા રંગીતસિંહ લાકડી લઈને મેઘરાજસિંહનું ઉપરાણુ લઈને આવેલા અને તેઓના મોટા ભાઈ ભગવતસિંહને જેમ તેમ મા બેન સામાની ગાળો બોલવા લાગેલા અને મારી નાખવાની ધમકી આપેલી અને મેઘરાજસિંહે તેઓને કહેલ કે તારો ભાઈ ક્યાં ગયો ? તેમના ભાઈ કસુભા લાકડી લઈને આવેલા હતા અને તેઓ ગાળો આપવા લાગેલા અને તેમના પત્ની જલુબા સાથે આવેલા અને તે પણ તેઓના મોટા ભાઈને ગાળો આપવા લાગેલા અને તેઓનો મોટો ભાઈ ક્યાં છે તેવુ મને કહેલ અને કહેવા લાગેલા કે હવે ગામમાં એકલ દોકલ મળીશ તો અમે જાનથી મારી નાખીશું. ત્યારબાદ તેઓના મોટા બાપુજી સોલંકી મદારસિંહ રામભા ત્યાં આવેલા અને તેઓના પપ્પા પણ ખેતરમાંથી ઘરે આવેલા અને તેઓના પપ્પા અને તેઓના બાપુજીને પણ આ લોકોએ ગાળો દીધેલ. આ રીતે તેઓના મોટા ભાઈ ઉપર ખોટા આક્ષેપો નાખી આ લોકો

ત્યાથી નીકળી ગયેલા. ત્યારબાદ તેઓ તથા તેઓના બાપુજી બન્ને દેત્રોજ પોલીસ સ્ટેશનમાં ગયેલા અને તેઓએ ફરીયાદ આપેલ. જે આ કામે આંક–૧૧ થી રજુ છે. તેઓ આરોપીઓને ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ ફરિયાદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેઓના ગામના હોય તેઓ તેઓને ઓળખે છે. તેઓના મકાનની બાજુમાં બીજા રહેણાંકના મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાની આજુબાજુમાં બીજા લોકોની અવર જવર રહે છે. મીનાબા, લીલાબા, વિક્રમસિંહ તથા મદારસંગ તેઓના કુંટુંબી થાય છે. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઈન્કાર કરવામાં આવેલ છે.સદર ફરિયાદીની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

<u>**સાહેદોના પુરાવાઓઃ–**</u>

**(૧૧.૨)** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ મીનાબેન કનકસિંહ સોલંકીનાઓને **આંક–૧૩** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૧૯–૧૧–૨૦૨૩ ના રોજ અબાસણા મુકામે તેઓના ઘરે સવારે સાતેક વાગે બનેલો. બનાવના દિવસે તેઓ તથા તેઓના પતિ કનકસિંહ અને તેઓના બે પુત્રો ઘરે હાજર હતા તે વખતે મેઘુભા, કસુભા અને જલુબા આ ત્રણેય જણા ઝગડો કરવા આવેલા અને ઘરે આવીને ગાળો બોલવા લાગેલા અને કહેતા હતા કે કાપી નાખીશુ, મેઘુભા ધારીયુ લઈને અને કસુભા લાકડી લઈને આવેલા હતા. આ ત્રણેય જણા તેઓના જેઠના બોલતા હતા કે ક્યાં ગયો એને લાવો એને કાપી નાખીવાનો છે. ત્યારબાદ તેઓના સસરા અને તેઓના સાસુ બધા ઘરે આવેલા ત્યારે માથાકુટ ચાલતી હતી અને પછી તેઓ માથાકુટ કરીને જતા રહેલા. તેઓનને બનાવ સમયે વપરાયેલ ધારીયુ તેમજ લાકડી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે.તેઓને આર્ટીકલ નંબર ૧ મુદ્દામાલ હથીયાર લોખંડનું ધારીયું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે મેઘુભાના હાથમાં હતુ. તેઓને આર્ટીકલ નંબર ૨ મુદ્દામાલ હથીયાર વાંસની લાકડી

બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તે બનાવ વખતે કસુભાના હાથમાં હતી. તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે.બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેઓના ગામના હોય તેઓ તેઓને ઓળખે છે. અબાસણા ગામ મોટુ ગામ છે તેમા તમામ સમાજની વસ્તી રહે છે. બનાવવાળી જગ્યાની બાજુમાં બીજા રહેણાંકના મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાની આજુબાજુમાં બીજા લોકોની અવર જવર રહે છે. સોલંકી વિક્રમસિંહ રામભા, સોલંકી મદારસિંહ રામભા, તેઓના કુટુંબના છે. આ બનાવ પછી બીજો કોઈ બનાવ બનેલ નથી. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઈન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૧.૩)** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ વિક્રમસિંહ રામભા સોલંકીનાઓને **આંક–૧૬** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ અબાસણા ગામે તેઓનાઘરે સવારે સાતેક વાગે બનેલો. બનાવ સમયે તેઓ તથા તેઓના ભાઈ મદારસંગ ખેતરમાં હાજર હતા. પછી તેઓને ખબર પડતા ઘરે આવેલા અને જોયેલ તો ઝગડો ચાલુ હતો. તે વખતે તેઓના નાના દીકરા કનકસિંહને મેઘરાજસિંહ ગાળો બોલતા હતા. ત્યારપછી તેમના ભાઈ કસુભા અને કસુભાના પત્ની ઝલુબા ત્યા આવેલા અને મેધુભા અને કસુભાએ તેઓના દીકરાને કીધુ કે જો ભગવતસિંહ અંહીયા જોવા મળશે તો તેને મારી નાંખીશુ. પછી કનકસિંહે પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી. પછી બીજુ કાઈ બનેલું નહી. કસુભાના હાથમાં લાકડી હતી અને મેઘુભાના હાથમાં ધારીયું હતું. તેઓને બનાવ સમયે વપરાયેલ ધારીયુ તેમજ લાકડી બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે. તેઓને આર્ટીકલ નંબર ૧ મુદ્દામાલ હથીયાર લોખંડનુ ધારીયું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે મેઘુભાના હાથમાં હતું. તેઓને આર્ટીકલ નંબર ૨ મુદ્દામાલ હથીયાર વાંસની લાકડી બતાવવામાં

આવે છે જે જોઈને કહે છે કે તે બનાવ વખતે કસુભાના હાથમાં હતી. તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે છે. બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ હોવાના હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેઓ ખેતરમાં હતા. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઈન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૧.૪)** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ લીલાબા ભગવતસિંહ સોલંકીનાઓને **આંક–૧૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ અબાસણા ગામે નાનુભાના ઘર આગળ સવારના આંઠ વાગ્યાના સુમારે બનેલો. બનાવ બન્યો ત્યારે તેઓ ઘરે ન હતી, ખેતરમાં હતી. બનાવની જાણ તેઓના દેરાણી મીનાએ કરેલી. મીનાબાએ તેઓને જણાવેલ કે, સામાવાળા કસુભા અને મેઘુ નો તેઓના સસરા વિક્રમસિંહ જોડે ઝગડો થયેલો. મીનાબાએ આ ઝગડો થયેલો છે તેવુ કીધેલુ પરંતુ આ ઝગડો કેવી રીતે થયેલો તે અંગે કાઈ જણાવેલ નહી. આ સીવાય બીજુ કાઈ જાણતા નથી. તેઓ કસુભા અને મેઘુભાને ઓળખે છે. આ બનાવ અંગેની ફરીયાદ કોણે આપેલી તેની તેઓને ખબર નથી. પોલીસે આ બનાવ બાબતે તેઓની પુછપરછ કરેલી નહી કે તેઓનું નિવેદન લીધેલ નહી હોવાની હકીકત જણાવેલ છે.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહે કરી, તેઓની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં પણ ફરિયાદ હકીકતને અનુરુપ કોઇ પુરાવો તેમની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ બન્યો ત્યારે તેઓ હાજર ન હતા અને બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી. બનાવ વખતે તેઓ હાજર ન હોય તેથી બનાવમાં શુ

બનેલુ તે તેઓ કહી શકે નહી.

આમ,સદર સાહેદના પુરાવાથી તેઓએ આ કામના આરોપીઓ વિરુધ્ધ આપેલ ફરિયાદ હકીકતને પુરવાર માની લઈ શકાય તેવો પુરાવો તેમની સોગંદ ઉપરની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદ ફરિયાદપક્ષને સમર્થનકર્તા માની શકાય નહી.

**(૧૧.૫)** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ મદારસંગ રામભા સોલંકીનાઓને **આંક–૧૯** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૧૯–૧૧–૨૦૨૩ ના રોજ ભગવતસિંહ વિક્રમસિંહના ઘરની બહાર સવારના આશરે સાતેક વાગે બનેલો. બનાવના દિવસે તેઓ જ્યારે ભગવતસિંહ વિક્રમસિંહના ઘરે ગયા ત્યારે તેના ઘરના આંગણામા બબાલ થતી હતી. આ બબાલમાં મેઘુભા રંગીતસિંહ, કસુભા રંગીતસિંહ, ઝલુબા કસુભા એ લોકો ભગવતસિંહ વિક્રમસિંહના આંગણામાં ભગવતસિંહ વિક્રમસિંહને ગાળાગાળી કરતા હતા અને તેમની જોડે હથીયાર હતા જેમાં મેઘુભા જોડે ધારીયુ હતુ, કસુભા પાસે લાકડી હતી જે તેઓએ જોયેલું. આ ઝગડો શેના કારણે થયેલો તે તેઓને ખબર નથી. ત્યારબાદ તેઓ તેઓના મારા ઘરે આવતા રહેલા. તેઓને બનાવ સમયે વપરાયેલ ધારીયુ તેમજ લાકડી બતાવવામા આવે તો તેઓ ઓળખી શકે. તેઓને આર્ટીકલ નંબર ૧ મુદ્દામાલ હથીયાર લોખંડનું ધારીયું બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે મેઘરાજસિંહ રંગીતસિંહના હાથમાં હતું. તેઓને આર્ટીકલ નંબર ૨ મુદ્દામાલ હથીયાર વાંસની લાકડી બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે બનાવ વખતે કસુભા રંગીતસિંહના હાથમાં હતી. તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે. આ બનાવ બાબતે કનકસિંહ વિક્રમસિંહે ફરિયાદ આપેલી. બનાવ બાબતે પોલીસે તેઓનું નિવેદન લીધેલ હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેઓના ગામના હોવાથી તેઓને પહેલેથી સારી રીતે ઓળખે છે. બનાવવાળી જગ્યાએ ઘણાં બધાં રહેણાંક મકાનો આવેલા છે.બનાવવાળી જગ્યાએ ઘણાં બધાં લોકોની અવર જવર

ચાલુ હોય છે. બનાવ સમયે ઘણાં બધાં માણસો ભેગા થયેલ હતા. હાલના બનાવ બાદ અન્ય કોઈ બનાવ બનેલ નહી. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઈન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

<u>ગુનાવાળી જગ્યાના પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓઃ–</u>

**(૧૧.૬)** આ કામે ફરિયાદ પક્ષ તરફે **આંક–૨૨** થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને પુરવાર કરવા માટે **આંક–૨૧** થી પંચ સાહેદ કિશનસિંહ મહેન્દ્રસિંહનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ દેત્રોજ પોલીસ ના બોલાવવાથી તેઓ અબાસણા ગામે લાલભાના ત્યાં ઝગડા બાબતે પંચનામું કરવા ગયેલા. આ ઝગડાવાળી જગ્યા લાલભાના ઘરે હતી.તે જગ્યા કોણે બતાવેલી તે તેઓને ખબર નથી. તે સિવાય તેઓ કશું જાણતા નથી. તેઓએ પંચનામામાં પંચ નં.૧ તરીકે સહી કરેલી.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા પંચ સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. તે બાદ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં સહી કરેલી. તૈયાર પંચનામામાં ફકત સહી કરેલી તે સિવાય તેઓ કશુ જાણતા નથી. સદર પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૧.૭)** આ કામે ફરિયાદ પક્ષ તરફે **આંક–૨૨** થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને પુરવાર કરવા માટે **આંક–૨૩** થી પંચ સાહેદ જયદિપસિંહ મદારસંગનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ

સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ પોલીસ ના બોલાવવાથી તેઓ અબાસણા ગામે કનકસિંહ ઉર્ફે પીન્ટુભાના ત્યાં ઝગડા બાબતે પંચનામું કરવા ગયેલા. આ ઝગડો કનકસિંહ તથા કસુભા તથા મેઘરાજસિંહનાઓનો ઝગડો થયેલો. કસુભા અને મેઘરાજસિંહ કનકસિંહના ઘરે હથિયાર લઈ ઝગટો કરવા આવેલા. આ ઝગડો કનકસિંહના ઘરે થયેલ. બનાવવાળી જગ્યા બાબતે પોલીસ આવેલી અને તેઓને કહેવ કે તમે ત્યાં હાજર હતા એટલે તમે તમારે પંચનામું કરવુ પડશે અને સહી કરવી પડશે. તેઓએ પંચનામામાં પંચ નં.૨ તરીકે સહી કરેલી. પંચનામું ઝગડા બાબતનું હતું. કનકસિંહના ઘરની જમણી બાજુ કસુભાનું ઘર આવેલું હતું, ડાબી બાજુ ખેતર આવેલું છે, પાછળ એક ખેતર આવેલ છે અને આગળ રસ્તો આવેલો છે.

તે બાદ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેઓ હાજર હતા. પંચમામામાં શું લખેલ હતું તે તેઓ કહી શકે. સદર પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

<u>**હથિયાર રીકવરી તથા શરીર સ્થિતિના પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓઃ-**</u>

**(૧૧.૮)** આ કામે ફરિયાદ પક્ષ તરફે **આંક-૨૬** થી રજુ શરીર સ્થિતિ તથા હથિયાર રીકવરીના પંચનામાને પુરવાર કરવા માટે **આંક- ૨૫** થી પંચ સાહેદ બબુભા ચેલસંગ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આશરે એકાદ વર્ષ અગાઉ દેત્રોજ પોલીસ ના બોલાવાથી તેઓ અબાસણા ગામે સ્કુલના ઝાપા પાસે ગયેલ તેઓને પુછેલ મેધરાજસિંહ અને કસુભા તમારે શું થાય તેઓએ કહેલ કે મારા ભત્રીજા થાય પછી તેઓને પંચનામાં સહી કરવાનું કહેલ એટલે તેઓએ પંચનામાં સહી કરેલ.જેમાં પંચ નં.૨ તરીકે તેઓની સહી છે. આ પંચનામુ શેનું હતું તે તેઓને ખબર નથી અને તેમાં શું લખેલ તે તેઓને ખબર નથી. તેઓની રૂબરૂ કોઈ આરોપીની અટક કરેલ નહી કે મુદામાલ હથિયાર કબ્જે કરેલ નહીં.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા પંચ સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. તે બાદ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓની સમક્ષ આવું કોઇ પંચનામું કરવામાં આવેલ નથી.પોલીસે તેઓની તૈયાર પંચનામાં સહી લીધેલી. સદર પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

(૧૧.૯) આ કામે ફરિયાદ પક્ષ તરફે **આંક–૨૬** થી રજુ શરીર સ્થિતિ તથા હથિયાર રીકવરીના પંચનામાને પુરવાર કરવા માટે **આંક–૨૮** થી પંચ સાહેદ જયસિંહ વનરાજસિંહ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,આશરે એકાદ વર્ષ અગાઉ તેઓ તેઓના ગામ અબાસણા ઝાપે ઉભા હતા ત્યારે પોલીસે તેઓને બોલાવેલ તેઓને પંચમાં સહી કરવાનું કહેલ તેઓએ પંચનામાં સહી કરેલ. તેઓને અસલ પંચનામું બતાવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી છે. આ પંચનામું ઝઘડા બાબતનું હતું. જેમાં કસુભા સોલંકી, મેધરાજસિહં રગતસિંહ સોલંકી નો ઝઘડો ભગવતસિંહ વિક્રમસિહં જોડે થયેલ તે બાબતનું પંચનામું હતું. આ પંચનામાં મુજબ આરોપી કસુભા સોલંકી,મેધુભા અને ઝલુબાને તેઓના રૂબરૂ અટક કરેલી. કોઈ મુદામાલ હથિયાર ન હતું. મેંધરાજસિંહ,ઝલુબા અને કસુભા એ કેવા કપડા પહેરેલ તે તેઓને ખબર નથી.પંચનામાં શું લખેલ તે તેઓએ વાંચેલ નથી.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા પંચ સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. તે બાદ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓની સમક્ષ આવું કોઇ

પંચનામું કરવામાં આવેલ નથી.પોલીસે તેઓની તૈયાર પંચનામાં સહી લીધેલી. સદર પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**<u>તપાસ કરનાર અમલદારનાઓના પુરાવાઓઃ–</u>**

**(૧૧.૧૦)** આ કામે ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર હેતલબેન ઈશ્વરભાઈ રાવતનાઓને **આંક–૨૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૩ માં દેત્રોજ પો.સ્ટે માં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૧૯–૧૧–૨૦૨૩ના રોજ ફરીયાદી કનકસિંહ ઉર્ફે પિન્ટુભા સોલંકીનાઓ ફરિયાદ આપેલ કે, ફરિયાદી કનકસિંહના ઘર પાસે આ કામના આરોપી મેંઘરાજસિંહ ઉર્ફે મેઘુભા રંગતસિંહ સોલંકી હાથમાં ધારીયું તથા આરોપી કસુભા રંગતસિંહ સોલંકી હાથમાં લાકડી લઇને આવેલા અને ફરીયાદીને કહેલ કે આરોપી મેંઘરાજસિંહનાઓએ કહેલ કે તારો ભાઈ મારી પત્નીને અવાર નવાર હેરાન કરે છે આજે તો તેને જીવતો નથી છોડવાનો તેમ કહીને ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલા અને આરોપી મેઘરાજસિંહ નું ઉપરાણું લઇને આરોપી કસુભા રંગતસિંહ સોલંકી તથા ઝલુબા કસુભા સોલંકી નોઓ ફરીયાદીને જેમફાવે ગાળો બોલાવા લાગી એવી તેઓના રૂબરૂની ફરીયાદ આપતા પી.એસ.ઓ તરીકે અમોએ દેત્રોજ પો.સ્ટે ગુ.ર.નં.૪૯૬/ ૨૦૨૩, ઇ.પી.કો કલમ–૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબની ફરીયાદ દાખલ કરેલ અને આ કામની વધુ તપાસ તેઓએ સંભાળેલ તે લગત સુચિપત્ર આ કામે રજુ છે જેમાં પી.એસ.ઓ તરીકે તેઓની સહી છે જે આ કામે આંક–૨૯ થી રજુ છે. ત્યારબાદ તપાસના કામે ફરિયાદી ગુનાવાળી જગ્યા બતાવાતા હોય ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવા પંચો કિશનસિંહ મહેન્દ્રસિંહ સોલંકી તથા જગદીપસિંહ મદારસિંહ સોલંકી નાઓની હાજરીમાં તા.૧૯–૧૧–૨૦૨૩ ના કલાક ૧૫ઃ૪૦ થી ૧૬ઃ૧૦ સુધીનું પંચનામુ કરેલ.તેઓને આંક–૨૨ વાળું પંચનામુ બતાવામાં આવે જે જોઇને કહે છે કે જેમાં બે પંચોની સહી છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે.ત્યારબાદ આ કામે આરોપી પાસે થી હથિયાર કબ્જે લેવા

માટે પંચો જયસિંહ વનરાજસિંહ સોલંકી તથા બબુભા ચેલસંગ સોલંકી નાઓની હાજરીમાં આરોપી મેઘરાજસિંહ ઉર્ફે મેઘુભા રંગતસિંહ સોલંકીનાઓ પાસે થી એક લોંખંડનું ધારીયું તથા આરોપી કસુભા રંગતસિંહ સોલંકીનાઓ પાસેથી એક વાંસની લાકડી તા.૧૯–૧૧–૨૦૨૩ ના કલાક ૧૮:૧૫ થી ૧૯:૦૦ સુધીનું પંચનામું કરી કબ્જે લીધેલ બાદ આ કામે આરોપી ઝલુબા કસુબા સોલંકીનાઓની શરીર સ્થિતિનું પંચનામુ ઉપરોક્ત પંચોની હાજરીમાં તા.૨૦–૧૧–૨૦૨૩ ના કલાક ૧૨:૦૦ થી ૧૨:૩૦ કરેલ જે પંચનામું આ કામે રજુ છે. જેમાં પંચોની સહી છે અને રૂબરૂ માં તેઓની સહી છે.જે આ કામે આંક–૩૦ થી રજુ છે.ત્યારબાદ આ કામે આરોપીને ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી. તપાસના કામે લાગતા વળગતા સાહેદના નિવેદનો લીધેલ. ત્યારબાદ તે વખતનું અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબનું જાહેરનામુ તપાસના કામે સામેલ રાખેલ જે જાહેરનામામાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટની સહી છે જે આ કામે આંક–૩૧ થી રજુ છે. ત્યારબાદ આ કામના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળતા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ.આરોપીઓને જોયે ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આ કામના તમામ સાહેદો ફરીયાદીના કુંટુંબના સભ્યો છે. આ કામના ફરીયાદીના ભાઈ વિરુધ્ધ આ કામના આરોપીઓ એ અગાઉ ફરીયાદ કરેલ છે. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઈન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ</u>–**

**(૧૨)** આમ, આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,આ કામે ફરિયાદી કનકસિંહ વિક્રમસિંહ સોલંકીનાઓને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. જે જોતાં,બનાવ તા.૧૯–૧૧–૨૦૨૩ ના રોજ તેઓના ઘર જોડે સવારે સાતેક વાગે બનેલો. બનાવના દિવસે મેઘરાજસિંહ

તેમના ઘરેથી ધારીયુ લઈને આવેલા અને તેમના ભાઈ કસુભા રંગીતસિંહ લાકડી લઈને મેઘરાજસિંહનું ઉપરાણુ લઈને આવેલા અને તેઓના મોટા ભાઈ ભગવતસિંહને જેમ તેમ મા બેન સામાની ગાળો બોલવા લાગેલા અને મારી નાખવાની ધમકી આપેલી અને મેઘરાજસિંહે તેઓને કહેલ કે તારો ભાઈ ક્યાં ગયો ? તેમના ભાઈ કસુભા લાકડી લઈને આવેલા હતા અને તેઓ ગાળો આપવા લાગેલા અને તેમના પત્ની ઝલુબા સાથે આવેલા અને તે પણ તેઓના મોટા ભાઈને ગાળો આપવા લાગેલા અને તેઓનો મોટો ભાઈ ક્યાં છે તેવુ મને કહેલ અને કહેવા લાગેલા કે હવે ગામમાં એકલ દોકલ મળીશ તો અમે જાનથી મારી નાખવામી ધમકીઓ આપેલ હોવાનું જણાવેલ છે પરંતુ તેઓએ તેમની આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તેઓના ગામના હોય તેઓ તેઓને ઓળખે છે. તેઓના મકાનની બાજુમાં બીજા રહેણાંકના મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાની આજુબાજુમાં બીજા લોકોની અવર જવર રહે છે. મીનાબા, લીલાબા, વિક્રમસિંહ તથા મદારસંગ તેઓના કુંટુંબી થાય છે. સદર ફરિયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતા આરોપીઓએ ફરીયાદીને શું ગાળો આપેલી તેમજ તે ગાળોનાં શબ્દો શું હતા તેમજ જાનથી મારી નાખવામી ધમકીઓ આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. જેથી તેઓની સરતપાસ અને ઉલટ તપાસમાં વિરોધાભાષ જણાઈ આવે છે.ફરિયાદ પક્ષે આંક-૧૩ થી સાહેદ મીનાબેન કનકસિંહ સોલંકીનાઓનો તથા આંક-૧૬ થી સાહેદ વિક્રમસિંહ રામભા સોલંકીનાઓનો તથા આંક-૧૯ થી સાહેદ મદારસંગ રામભા સોલંકીનો પુરાવો ધ્યાને લેતા, સદર બનાવ બનેલ હોય તેવી હકીકત જણાવેલ છે પરંતુ આરોપીઓએ ફરીયાદીને શું ગાળો આપેલી તેમજ તે ગાળોનાં શબ્દો શું હતા તેમજ જાનથી મારી નાખવામી ધમકીઓ હોય તેવી કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી.વધુમાં આંક-૧૮ થી સાહેદ લીલાબા ભગવતસિંહનાઓનો તથા આંક-૧૯ થી સાહેદ મદારસંગ રામભા સોલંકીનાઓનો પુરાવો ધ્યાને લેતાં,સદર બનાવ અંગે નજરે જોયા હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર થતું નથી. આમ, બનાવ અંગે તેમનો પુરાવો હિયરસે બની જાય છે. જેથી તેઓના પુવાનાને માની શકાય નહી. આ કામે આંક-૨૧ થી પંચ સાહેદ કિશનસિંહ મહેન્દ્રસિંહનાઓનો પુરાવો ધ્યાને લેતાં, બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ

દેત્રોજ પોલીસ ના બોલાવવાથી તેઓ અબાસણા ગામે લાલભાના ત્યાં ઝગડા બાબતે પંચનામું કરવા ગયેલા. આ ઝગડાવાળી જગ્યા લાલભાના ઘરે હતી.તે જગ્યા કોણે બતાવેલી તે તેઓને ખબર નથી. તે સિવાય તેઓ કશું જાણતા નથી. તેઓએ પંચનામામાં પંચ નં.૧ તરીકે સહી કરેલી. સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા પંચ સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. વધુમાં આંક–૨૩ થી પંચ સાહેદ જયદિપસિંહ મદારસંગનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ પોલીસ ના બોલાવવાથી તેઓ અબાસણા ગામે કનકસિંહ ઉર્ફે પીન્ટુભાના ત્યાં ઝગડા બાબતે પંચનામું કરવા ગયેલા. આ ઝગડો કનકસિંહ તથા કસુભા તથા મેઘરાજસિંહનાઓનો ઝગડો થયેલો. કસુભા અને મેઘરાજસિંહ કનકસિંહના ઘરે હથિયાર લઈ ઝગટો કરવા આવેલા. આ ઝગડો કનકસિંહના ઘરે થયેલ. બનાવવાળી જગ્યા બાબતે પોલીસ આવેલી અને તેઓને કહેવ કે તમે ત્યાં હાજર હતા એટલે તમે તમારે પંચનામું કરવુ પડશે અને સહી કરવી પડશે. તેઓએ પંચનામામાં પંચ નં.૨ તરીકે સહી કરેલી. પંચનામું ઝગડા બાબતનું હતું. કનકસિંહના ઘરની જમણી બાજુ કસુભાનું ઘર આવેલું હતું, ડાબી બાજુ ખેતર આવેલું છે, પાછળ એક ખેતર આવેલ છે અને આગળ રસ્તો આવેલો છે. તે બાદ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ તેઓ હાજર હતા. પંચમામામાં શું લખેલ હતું તે તેઓ કહી શકે. વધુમાં આ કામે આંક–૨૫ થી પંચ સાહેદ બબુભા ચેલસંગ સોલંકીનાઓનો તથા આંક–૨૭ થી પંચ સાહેદ જયસિંહ વનરાજસિંહ સોલંકીનાઓનો આશરે એકાદ વર્ષ અગાઉ તેઓ તેઓના ગામ અબાસણા ઝાપે ઉભા હતા ત્યારે પોલીસે તેઓને બોલાવેલ તેઓને પંચમાં સહી કરવાનું કહેલ તેઓએ પંચનામાં સહી કરેલ.સદર પંચ સાહેદો ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા પંચ સાહેદોની

વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. વધુમાં ત્યારબાદ આંક–૨૮ થી તપાસ કરનાર અમલદાર હેતલબેન ઈશ્વરભાઈ રાવતનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ તેઓની ફરજના ભાગરૂપે કરેલ કામગીરીની જુબાની આપેલ છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા, આરોપીઓ ધ્વારા ફરીયાદીને ધમકી આપવામાં આવેલ હોય અને તે કારણે ફરીયાદી સાવચેત થઈ ગયેલા હોય અને કહેવાતા બનાવ બાદ ફરીયાદી તેની નિયમીત ફરજો બજાવી શકયા ન હતા તેવો કોઈપણ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૧૩) અત્રે કોઈ પણ સાહેદે આરોપીઓ શું ગાળો બોલોલા તે ગાળોના શબ્દો રેકર્ડ પર આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ નો ગુનો કર્યાના આક્ષેપ છે અને તે સંદર્ભેનુ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે, જેથી ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત ગુના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અને ફરીયાદપક્ષ સદર ગુનો થયાનો પુરવાર કરે છે કે કેમ ? તેની ચર્ચા કરતાં પહેલાં ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ નાં ગુનાનાં તત્વો ધ્યાને લેવા જરુરી બને છે જે નીચે મુજબ છે. (૧) આરોપીએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનુ અપમાન કર્યુ, (૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી, (૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતીનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે,

તે સંદર્ભે રજુ પુરાવો ધ્યાને લઈએ તો, આ કામના મૂળ ફરીયાદી તથા સાહેદે તેઓના પુરાવામાં ગાળો આપ્યાના કથન કરેલ છે, પરંતુ આરોપીઓએ તેઓને આપેલ બીભત્સ ગાળોના સ્પષ્ટ શબ્દો જણાવતા નથી. નામ. ***ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૭ (૧) જી.એલ.એચ. પાના નં.૩૭ પ્રવીણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત***ના કેસમાં ઠરાવ્યું છે કે ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો પુરવાર કરવા આરોપી દવારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. તે જ હકીકત ***રામચંદ્રસીંગ વિ. નબરંગ રાઈ***

***બર્મા – ૧૯૯૮ ક્રિ. લો. જ. પાના નં.૨૧૫૬*** માં ઠરાવેલ છે. તે જોતાં, રેકર્ડ પરના પુરાવા પરથી આરોપી સામેનો ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબના ગુન્હા સંબંધેનો કોઈ માનવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય, આરોપીને ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી શકાય નહીં. વધુમાં ઈ.પી.કો.ની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો સાબીત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો સાબીત કરવા જરુરી છે. જે કોઈ વ્યકિત બીજી કોઈ વ્યક્તિને તેના શરીર, આબરૂ કે મિલકતને અથવા જે વ્યક્તિમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરૂને હાની પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતા અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક હોય તે કામ ન કરે તેણે તે વ્યકિતને ગુનાહીત ધમકી આપી ગણાય ત્યારે ઈ.પી.કોડ કલમ ૫૦૬ મુજબનો ગુનો બને છે અને ગુનાહીત ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય અથવા કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા જન્મટીપની અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી ઉપર ચારીત્રયહીનતાનુ આળ મુકવાની હોય ત્યારે ઈ.પી.કોડ કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે તેવુ કહેવાય અને તે ગુના સંદર્ભે તેમા સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્નેની શિક્ષા કરવાની જોગવાઈ છે.

**(૧૪)** આ સંદર્ભમાં ફરિયાદી સાહેદનો પુરાવો જોતા ઉપર મુજબના આવશ્યક તત્વો ફરિયાદ પક્ષે સાબીત કરેલા નથી. આ કામના ફરીયાદી તથા સાહેદે તેઓને આરોપીઓએ મારી નાંખવાની ધમકી આપેલાનું જણાવેલ છે. પરંતુ મારી નાંખવાની ધમકીથી ફરીયાદી સાહેદને મૃત્યું કે મહાવ્યથાનો ભય ઉત્પન્ન થયેલ હોય તેવું જણાવતા નથી. વધુમાં, મારી નાંખવાના શબ્દો ઉચ્ચારવાથી ઈ.પી.કો.ક. ૫૦૬(૨) મુજબનો ગુનો બની જતો નથી. મારી નાંખવાની ધમકીથી વ્યીકતને મૃત્યુનો કે મહાવ્યથાનો ભય ઉત્પન્ન થવો જોઈએ અને તેવા ભયની અસરથી વ્યકિત પોતાનું રોજિંદુ કાર્ય કરી શકતો ન

હોવો જોઈએ. ***ના. ગુજરાત હાઈકોર્ટ જી.એલ.એચ. ૨૦૦૭(૧)૩૩૭ પ્રવિણભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત***ના જજમેન્ટમાં પણ ઉપરોકત સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે *"Munsafkhan Yasinkhan Pathan and others Vs. (The) State of Gujarat, unreported judgment 2002 (1) G. L. H. (U. J.) 4* ની હેડ નોટમાં નીચે પ્રમાણે પ્રસ્થાપીત કરેલ છે.

*"Indian Penal Code, 1860- Ss. 506 (2) and 503- Criminal intimidation- Threat to cause death or grievous hurt- Necessary ingredients- Complainant should have been alarmed by the threat administered to him- Evidence indicates a clear absence of any apprehension and/or fear so as to cause alarm to the complainant- No evidence that because of threat, complainant was unable to attend to his duties of any point of time after he lodged the complaint- Words uttered by the accused did not cause any alarm to the complainant- Offence not proved. "*

હાથ પરના કેસમા પણ આરોપીઓએ ધમકી આપ્યા બાદ ફરિયાદી સાહેદોને સતત ભયની લાગણી થયેલી હોય તેવું કયાંય જણાઈ આવતુ નથી. વધુમાં ફરીયાદી સાહેદ હાલ પણ અબાસણા ગામે રહે છે અને તેઓએ પોલીસ પ્રોટેકશનની માંગણી કરેલ નથી. આમ, ફરીયાદી તથા સાહેદ હાલ પણ તેજ જગ્યાએ રહે છે. વધુમાં સદર આરોપીઓ ધ્વારા ધમકી આપ્યાના કારણે ફરીયાદી ના મનમાં ભયની ઘંટડીઓ વાગતી હોય જેના કારણે તેઓ ભયના ઓથા નીચે જીવતા હોય અને પોતાનુ રોજીંદુ કાર્ય કરી શકતા નથી તેવુ પુરાવામા કોઈ જગ્યાએ જણાવેલ નથી. વધુમાં ***નામ. ગુજરાત હાઈકોર્ટે તેમનાં ચૂકાદા ૨૦૦૭ (૨) જી. એલ. એચ. ૨૦૧, મહાસુખરાય કેશવલાલ જોષી વિ. સ્ટેટ ઓફ ગુજરાત*** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર ઈ. પી. કોડની કલમ-૫૦૬(૨) અન્વયેનો ગુન્હો પુરવાર કરવાં ફરિયાદપક્ષે એ હકીકત સાબિત કરવી આવશ્યક છે કે, આરોપીઓની ગુનાહીત ધમકીનાં કારણે ફરિયાદી સાવધ થઈ ગયાં હોય. આરોપીઓનો ઈરાદો ફરિયાદીને ચેતવણી આપવાનો હોય. આરોપીઓની એવી ધમકીનાં કારણે ફરિયાદીનાં રોજબરોજનાં રોજિંદા કામકાજમાં ભય, અડચણ ઉદભવેલ હોય. રેકર્ડ પરનાં કેસની હકીકત મુજબ આરોપીઓએ આપેલ ધમકીનાં કારણે ફરિયાદી તેમનાં રોજિંદા વ્યવહારમાં કોઈ ભય કે અડચણની લાગણી અનુભવતાં હોવાનું

પુરવાર થતું નથી. જેથી ઉપરોકત હકીકત ધ્યાને લેતાં મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**૧.** આ કામના આરોપીઓ (૧) મેઘરાજસિંહ ઉર્ફે મેઘુભા રંગીતસિંહ સોલંકી (૨)કસુભા રંગીતસિંહ સોલંકી (૩)ઝલુબા કસુભા સોલંકી તમામ રહે.અબાસણ,તા-દેત્રોજ,જી. અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એક્ટ - ૧૩૫ મુજબના ગુનાના કામે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે આરોપીઓએ આપેલ જામીન છ માસ સુધી ચાલુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૫ મી, માહે-માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ-૨૫-૦૩-૨૦૨૬**
**સ્થળ-દેત્રોજ**

**(હર્ષ શાંતીભાઇ રાઠોડ)**
**જ્યુડી.મેજી.ફ.ક., દેત્રોજ**
**કોડ નં. જી.જે.૦૧૭૭૪**